૨૨-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - દેહ-અહંકાર છોડી દેહી-અભિમાની બનો, પોતાનાં કલ્યાણ માટે યાદ નો ચાર્ટ નોંધ કરો, ખાસ યાદ માં બેસો, યાદ થી જ વિકર્મ વિનાશ થશે"**

**પ્રશ્ન :-** બાપે આપ બાળકોને પહેલો-પહેલો કાયદો કયો સંભળાવ્યો છે?

**ઉત્તર :-** પહેલો કાયદો છે-બધુંજ જોવા છતાં બુદ્ધિ ચલાયમાન ન થાય. એક બાપ ની યાદ રહે. પરીક્ષા લેવાની છે કે મારી વૃત્તિ જોવાથી ખરાબ તો નથી થતી? તમારે હાથે થી કામ કરતા દિલ થી બાપ ને યાદ કરવાનાં છે, આમાં આંખો બંધ કરવાની વાત જ નથી.

**ઓમ્ શાંતિ!** ભક્તિમાર્ગ માં ખાસ કરીને કોઈ સંન્યાસી વગેરે જ્યારે બેસે છે તો આંખો બંધ કરીને બેસે છે. અહીં કાયદો છે જોવા છતાં પણ ચલાયમાન નથી થવાનું. પોતાની પરીક્ષા લેવાની હોય છે કે જોવાથી મારી વૃત્તિ ખરાબ તો નથી થતી? આપણે ભલે જોઈએ છીએ પરંતુ બુદ્ધિનો યોગ બાપની સાથે છે. મનુષ્ય ભોજન બનાવશે તો આંખો બંધ કરીને તો નહીં બનાવે ને. આને કહેવાય છે હથ કાર ડે દિલ યાર ડે. કર્મેન્દ્રિયો થી કામ લેતા રહો પરંતુ યાદ બાપ ને કરો. જેવી રીતે સ્ત્રી પતિ નાં માટે ભોજન બનાવે છે. હાથે થી કામ કરતી રહેશે પરંતુ બુદ્ધિમાં હશે કે હું પતિ માટે ભોજન બનાવું છું. આપ બાળકો બાપની સર્વિસ (સેવા) માં છો. બાપ કહે છે - બાળકો હું તમારો ઓબીડિયન્ટ સર્વન્ટ (આજ્ઞાકારી સેવક) છું. બાળકોને અર્થાત્ આત્માઓને સમજાવશે ને. આત્મા કહેશે - સ્વીટ ફાધર (મીઠાં બાબા), તમે જે અમને જ્ઞાન અને યોગ શિખવાડો છો, અમે એ સર્વિસ માં જ વ્યસ્ત છીએ. અને તમે ડાયરેક્શન (માર્ગદર્શન) આપ્યું છે કે ગૃહસ્થ વ્યવહાર માં રહેતાં, કામ કરતા ઘડી-ઘડી મને યાદ કરતાં રહો. તમે રેગ્યુલર (નિરંતર) યાદ કરી નથી શકતાં. કોઈ કહે કે અમે ૧૨ કલાક યાદ કરીએ છીએ, પરંતુ ના. માયા ઘડી-ઘડી બુદ્ધિયોગ જરુર હટાવશે. તમારી લડાઈ છે જ માયાની સાથે. માયા યાદ કરવા નથી દેતી કારણ કે તમે માયા પર જીત મેળવો છો. રાવણજીત જગતજીત. રામ પણ જગતજીત હતાં. સૂર્યવંશી, ચંદ્રવંશી જગતજીત હતાં. તો આ આંખો થી જોવા છતાં બુદ્ધિ બાપની સાથે રહેવી જોઈએ. જોવાનું છે કે મારા માં કોઈ ચલાયમાની (ચંચળતા) તો નથી આવતી! બાપને પૂરાં યાદ કરવાનાં છે. એવું નહીં કે હું તો શિવબાબા નો છું જ, યાદ કરવાની શું જરુર છે. પરંતુ ના, ખાસ યાદ કરવાનાં છે અને આ નોંધ રાખવાની છે કે આખાં દિવસ માં અમે કેટલો સમય યાદ કર્યા? એવા ઘણાં હોય છે જે આખાં દિવસની હિસ્ટ્રી (પોતામેલ) લખે છે કે અમે આખો દિવસ આ-આ કર્યું. જરુર સારા મનુષ્ય જ લખશે. સારી ચાલ (કર્મ) લખો છો તો પાછળ વાળા જોઈને શિખે. ખરાબ લખો તો એને જોઇ વધારે જ ખરાબી શિખશે. હવે બાપ બાળકોને સલાહ આપે છે કે તમારે ચાર્ટ રાખવાનો છે. જ્ઞાન તો ખુબ સહજ છે. ભારતનો પ્રાચીન રાજયોગ પ્રખ્યાત છે. ભક્તિમાર્ગ માં અનેક પ્રકારનાં હઠયોગ વગેરે શિખવાડે છે. એમને આ ખબર નથી કે બાપે કયો યોગ શિખવાડ્યો હતો? ભલે કોઈ-કોઈ અક્ષર પણ છે - મનમનાભવ, દેહ સહિત દેહ નાં બધાં સંબંધ છોડી મામેકમ્ યાદ કરો. હવે એમનાં માટે સર્વવ્યાપી કહેવું, આ તો ખોટું થઈ જાય છે. કોઈ યાદ કરી જ નથી શકતાં. પથ્થરબુદ્ધિ હોવાનાં કારણે કાંઈ પણ અર્થ નથી સમજતાં. બાપ સમજાવે છે-મુજ બાપ ને યાદ કરો. આ મારો દેહ નથી. શ્રીકૃષ્ણ નો આત્મા તો કહી ન શકે. નિરાકાર બાપ જ કહે છે પોતાને આત્મા અશરીરી સમજો. તમે અશરીરી (નિર્વસ્ત્ર) આવ્યાં હતાં. એમણે પછી નગ્ન સમજી લીધું છે. ભક્તિમાર્ગ માં અયથાર્થ ઉઠાવી લીધું છે. બાપે કહ્યું-પોતાને દેહ થી અલગ સમજો. દેહ અહંકાર છોડો, દેહી-અભિમાની બનો. આખું આયુષ્ય તમે પોતાને દેહ સમજતાં આવ્યાં છો. હવે આ અંતિમ જન્મ છે. હવે

તમારે દેહી-અભિમાની બનવાનું છે. સતયુગ માં દેવતાઓ આત્મ-અભિમાની હતાં. એમને ખબર રહેતી હતી કે એક શરીર છોડી બીજું લેવાનું છે. ખુશી થી જૂનું શરીર છોડી નવું લે છે. સંન્યાસી તો આ શિખવાડી ન શકે. તેઓ કાળ ને જીતી નથી શકતાં. આપ બાળકો કાળ પર જીત મેળવો છો. તે નિવૃત્તિ માર્ગ વાળા છે. તેઓ પછી પોતાનાં સંન્યાસ ધર્મ માં આવશે. પ્રવૃત્તિ માર્ગ માં આવી ન શકે. તે પણ ભારત માટે સારો ધર્મ છે. પવિત્ર બને છે ભારતની મહિમા એટલી મોટી (બધી) છે જેટલી બાપ ની મોટી છે. ભારત જ પવિત્ર હતો, હમણાં નથી. ભારત બધાનું તીર્થસ્થાન છે. બધાં મનુષ્ય માત્ર ની હવે સદ્ગતિ થશે. કહે છે કે ગોડફાધર ઈઝ લિબ્રેટર (પરમપિતા પરમાત્મા મુક્તિદાતા છે). દુઃખ થી મુક્ત કરી શાંતિધામ માં લઈ જાય છે. જો ભારતવાસીઓને ખબર હોત તો સર્વવ્યાપી ન કહેત. શિવજયંતી અહીં મનાવે છે. ગાય પણ છે કે હે પતિત-પાવન. નિરાકાર બાપ ને જ યાદ કરે છે. ભારતવાસી જ ગાય છે. સૌથી વધારે પાવન તેઓ જ બને છે. તમે સમજો છો કે બિલકુલ સાચ્ચી વાત છે. બાકી શાસ્ત્ર તો અનેક છે, દરેક ધર્મ વાળા પોત-પોતાનું પુસ્તક બનાવે છે. નવાં-નવાં ધર્મો નું ખુબ માન હોય છે. ભારતવાસી દ્વાપર થી ઉતરતા જ આવ્યાં છે. હમણાં બધાં પતિત બની ગયાં છે. આખી દુનિયા પતિત-પાવન બાપ ને યાદ કરે છે. એવાં બાપનો જન્મ અહીં થાય છે. સોમનાથ નું મંદિર પણ અહીં છે, એને જો જાણી જાય તો બધાં એક પર જ ફૂલ ચઢાવે કારણકે એ સર્વનાં લિબ્રેટર છે. અમારા તો એક બીજું ન કોઈ. કોઈ મરે છે તો એનાં પર ફૂલ ચઢાવે છે. શિવબાબા તો મરતા નથી. બધાંને શાંતિધામ માં લઈ જાય છે. શિવ નાં મંદિર જ્યાં-ત્યાં છે. વિલાયત માં પણ શિવલિંગ ને બધાં પૂજે છે. પરંતુ એ ખબર નથી કે અમે એમને કેમ પૂછીએ છીએ. બાપ સ્વયં બેસી સમજાવે છે કે શિવજયંતી નાં પછી શ્રીકૃષ્ણ જયંતી ભારત માં જ થાય છે. શિવજયંતી પછી નવી દુનિયા આવે છે. બાપ આવે છે જૂની દુનિયાને નવી બનાવવાં. ભારત સૌથી ઊંચ છે. નામ જ છે પેરેડાઇઝ (સ્વર્ગ). તમે બધાં ખુશ થાઓ છો કે હમણાં આપણે સ્વર્ગની સ્થાપના કરી રહ્યાં છીએ શ્રીમત પર. આપણે ખુદાઈ ખિદમતગાર (ઈશ્વરીય સેવાધારી) છીએ, સેલવેશન આર્મી છીએ. આખી દુનિયાને રાવણની જંજીરો (માયાજાળ) થી તમે છોડાવો છો. તમે જાણો છો બાબાની સાથે અમે ભારતની ખિદમત (સેવા) કરી રહ્યાં છીએ. ગાંધીજી એ વિદેશીઓથી છોડાવ્યાં પરંતુ કોઈ સુખ તો નહીં થયું વધારે જ દુઃખ થઈ ગયું. લડતાં-ઝઘડતાં રહે છે. બાપ કહે છે હું આવું છું રાવણની જંજીરો થી છોડાવવાં. રાવણની જંજીરો નાં કારણે અનેક પ્રકારની જંજીરો છે. સતયુગ માં આ હોતું નથી. ત્યાં દુઃખની કોઈ વાત નથી. અહીં તો કેટલાં વ્રત નિયમ રાખે છે. આ બધું કરે છે શ્રીકૃષ્ણપુરી માં જવા માટે.

હવે બાપ બાળકોને સમજાવે છે કે ફાધર શોઝ સન (પિતા દ્વારા પુત્રની પ્રત્યક્ષતા), સન શોધ ફાધર (પુત્ર દ્વારા પિતા ની પ્રત્યક્ષતા). તમે બધાંને ઘર નો રસ્તો બતાવો છો. આને ભૂલ-ભૂલૈયા નો ખેલ કહેવાય છે. ભક્તિમાં કેટલું માથું મારે છે પરંતુ બાપ થી વારસો કોઈ લઈ ન શકે. ભક્તિ, તપ, દાન કરતા-કરતા માથું ટેકતા રહે છે. રસ્તો બતાવવા વાળા એક જ બાપ છે. જો કોઈ રસ્તો જાણતાં હોય તો બતાવે. એનાંથી સિધ્ધ છે કે કોઈપણ જાણતાં જ નથી. કોઈને રસ્તા ની ખબર જ નથી. હવે બધાં મચ્છરો સદ્રશ્ય (માફક) પાછા જવા વાળા છે. બધાનાં શરીર ખતમ થશે. બાકી આત્માઓ હિસાબ-કિતાબ ચૂક્તું કરી પાછા જશે. આને કયામત નો સમય કહેવાય છે. મનુષ્ય દિવાળી પર વર્ષ નો ફાયદો-નુકસાન કાઢે છે. તમારી છે કલ્પ-કલ્પ ની વાત. હમણાં તમારે ૨૧ જન્મ માટે કરવાનું છે. બાપને યાદ કરવાથી જમા થશે પછી ૨૧ જન્મ કોઈ તકલીફ નહી થાય. કોઈ અપ્રાપ્ત વસ્તુ નહીં હોય. સ્વર્ગ ની બધી પ્રાપ્તિ હમણાનાં પુરુષાર્થ પર થાય છે. આ વાતો કોઈ શાસ્ત્રોમાં નથી. હમણાં

તમે અનુભવ મેળવી રહ્યાં છો. જ્યારે સ્વર્ગ માં ચાલ્યાં જાઓ છો પછી કોણ બેસી લખશે. શાસ્ત્ર વગેરે તો પછી બને છે. શાસ્ત્રો માં છે કે જમુના નાં કાંઠા પર મહેલ હતાં, દિલ્હી પરિસ્તાન હતું. બિરલા મંદિરમાં લખેલું છે ૫૦૦૦ વર્ષ પહેલાં ધર્મરાજે અથવા યુધિષ્ઠિરે પરિસ્તાન સ્થાપન કર્યું હતું. જમુના-ગંગા નામ હજી સુધી ચાલ્યું આવે છે. હકીકત માં જ્ઞાનગંગાઓ તમે છો. જમુના નો એટલો પ્રભાવ નથી જેટલો ગંગા નો છે. બનારસ, હરિદ્વાર માં ગંગા છે ત્યાં બહુજ સાધુ વગેરે જાય છે. ત્યાં જઈને કહે છે શિવકાશી વિશ્વનાથ ગંગા. વિશ્વનાથે ગંગા વહાવી, જટાઓથી. એવું કહે છે અને સમજે છે કે ગંગા નાં કાંઠા પર રહેવાથી અમારી મુક્તિ થઈ જશે. ઘણાં જઈને કાશીવાસ કરે છે. પહેલાં બલિ ચઢતા હતાં. હવે કહે છે કે અમારી મુક્તિ થઈ જશે. જુઓ, જ્ઞાનમાર્ગ માં શું વાત અને ભક્તિમાર્ગ માં શું વાત છે. કેટલો કોન્ટ્રાસ્ટ (વિરોધાભાસ) છે. અડધોકલ્પ અનેક પ્રકારની તકલીફો ઉઠાવી. દેવીઓ પર જઈને બલિ ચઢ્યાં. હમણાં તમે બલિ ચઢો છો - આ બધુંજ ઈશ્વરનું છે. તો ઈશ્વરનું બધુંજ તમારું છે. ઈશ્વરનું બધુંજ છે સ્વર્ગ. તમે તો હમણાં નર્કવાસી છો. બાપનાં બનીને ફરી સ્વર્ગવાસી બની રહ્યાં છો. બાબાની શ્રીમત પર પૂરું ચાલવું પડે. શિવબાબા ને તો મકાન વગેરે બનાવવાનાં નથી. એ તો દાતા છે. આ બધું બાળકો માટે છે. શિવબાબા કહેશે તમે બાળકો જ ટ્રસ્ટી (નિમિત્ત) થઈને સંભાળો. ભક્તિમાર્ગ માં કહે છે - શિવબાબા આ બધુંજ તમારું આપેલું છે પછી જ્યારે પાછું લઈ લે છે તો કેટલાં દુઃખી થાય છે. હવે બાબા તમારી પાસે થી લેતા કાંઇ પણ નથી. બાપ ફક્ત કહે છે કે એમાંથી મમત્વ કાઢો. ટ્રસ્ટી થઈને ગૃહસ્થ વ્યવહારની સંભાળ કરો. બાકી હું લઈને શું કરીશ. તમારા માટે જ સેન્ટર ખોલાવ્યાં છે. આ હોસ્પિટલ અને કોલેજ કંબાઇન્ડ (બંને સાથે) છે. હેલ્થ (તંદુરસ્તી) અને વેલ્થ (સંપત્તિ) બંને મળે છે. એજ્યુકેશન ને સોર્સ ઓફ ઇન્કમ (ભણતર ને આવક નું સાધન) કહેવાય છે. જેટલું જે ભણે છે તે બાપ પાસે થી એટલો વારસો લે છે. પુરુષાર્થ પૂરો કરવો જોઈએ. ફોલો ફાધર અને મધર, ત્વમેવ માતા ચ પિતા....આ છે ને. તે પિતા આવીને આમનામાં પ્રવેશ કરે છે. આમનાં દ્વારા એડોપ્ટ કરે (અપનાવે) છે. એ માત-પિતા થયાં. આપણે તો એમની મહિમા કરીએ છીએ. હું આમના (બ્રહ્મા) મુખ દ્વારા કહુ છું-તમે મારા છો. તમને મેં એડોપ્ટ કર્યા છે પછી માતાઓની સંભાળ માટે સરસ્વતી ને નિશ્ચિત કરી છે. તમે નાનાં બાળકો તો નથી. બાપ કહે છે તમે મારા બન્યાં, સારું હવે ટ્રસ્ટી થઈને રહો. ગૃહસ્થ વ્યવહાર ની પૂરી સંભાળ કરો. સૌથી સારું છે આ રુહાની હોસ્પિટલ ખોલવી. શિવબાબા કહે છે હું શું સંભાળ કરીશ. બ્રહ્મા બાબાનાં માટે પણ કહે છે આ શું કરશે? એમની પાસે જે કાંઈ હતું તે શિવબાબા ને આપી દીધું. ટ્રસ્ટી બનવું પડે છે. અહીં તો બધુંજ બાળકો માટે કરાય છે. આપ બાળકોને જ બાબા બધી શિક્ષાઓ આપે છે. એવું નથી આ મકાન શિવબાબા તથા બ્રહ્મા બાબાનું છે. બધુંજ બાળકો માટે છે. તમે બ્રાહ્મણ બાળકો છો, એમાં ઝઘડા વગેરેની કોઈ વાત નથી. બધાંની કમ્બાઈન્ડ પ્રોપર્ટી (મિલકત સાથે) છે. આટલા બધાં અનેક બાળકો છો, પાર્ટીશન (વિભાજન) કાંઇ થઈ ન શકે. ગવર્મેન્ટ (સરકાર) પણ કાંઈ કરી ન શકે. આ બ્રાહ્મણ બાળકોનું છે, બધાં માલિક છે. બધાં બાળકો છે. કોઈ ગરીબ, કોઈ સાહૂકાર - અહીં બધાં આવીને રહે છે. કોઈની પ્રોપર્ટી નથી. લાખોનાં અંદાજમાં થઈ જશે. બધુંજ આપ મીઠાં બાળકો માટે છે. તમે છો રુહાની બાળકો. તમે જેટલાં પ્રિય છો એટલા લૌકિક હોઈ ન શકે. તે શૂદ્રજાતિ નાં તમે બ્રાહ્મણ જાતિ નાં, એટલે એમની સાથે કનેક્શન (સંબંધ) તૂટી જાય છે. સંન્યાસી એવું નહીં કહેશે કે આ બધું તમારા માટે છે. હું પણ તમારો છું. શિવબાબા કહે છે - હું નિષ્કામ સેવાધારી છું. મનુષ્ય નિષ્કામી હોઈ ન શકે. જે કરશે એને એનું ફળ જરુર મળશે. હું ફળ નથી લઈ શકતો. જૂની દુનિયા, જૂનાં શરીરમાં આવીને પ્રવેશ કરું છું. અહીં મારા માટે આ

જૂનું શરીર છે. ભક્તિમાં મારા માટે મોટાં-મોટાં મંદિર બનાવે છે. આ સમયે જુઓ હું ક્યાં બેઠો છું. કેટલું ગુહ્ય રહસ્ય બાળકોને સમજાવું છું. બાબા કોઈ સત્સંગ માં થોડી મોરલી ચલાવશે. બાળકોને બહુજ ખુશી નો પારો ચઢે છે. બાપ બેસી બાળકોને ભણાવે છે. કેવી રીતે આવીને ભણાવે છે, આ તમે જ જાણો છો. ડરવાની કોઈ વાત નથી. બધાં બાપનાં બાળકો છે. જે કાંઈ બને છે બાળકો માટે. એવું નથી બધાંને અહીં આવીને બેસી જવાનું છે. તમારે તો પોતાનાં ગૃહસ્થ વ્યવહાર માં રહેવાનું છે. બધાં આવીને સાથે રહે તો આખાં દિલ્લી જેટલું તમારા માટે જોઈએ. એવું તો થઈ ન શકે. તો પણ બાપ સાથે યોગ લગાવતા રહો તો વિકર્મ વિનાશ થશે. આત્મા ગોલ્ડન એજેડ (સતોપ્રધાન) બની જશે, ત્યારે જ ઘર માં જશો. મમ્મા-બાબા માફક ઈજ્જત થી પાસ થઈને જવાનું છે અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત- પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) શ્રીમત પર ખુદાઈ ખિદમતગાર બનવાનું છે. બાપનો શો (પ્રત્યક્ષ) કરવા માટે બધાંને ઘરનો રસ્તો બતાવવાનો છે.

2) ટ્રસ્ટી થઈને બધુંજ સંભાળવાનું છે. કોઈમાં પણ મમત્વ નથી રાખવાનું. માતા-પિતા ની જેમ ઇજ્જત થી પાસ થવાનું છે.

**વરદાન :- સંપર્ક સંબંધ માં આવતાં સદા સંતુષ્ટ રહેવા અને સંતુષ્ટ કરવા વાળા ગુપ્ત પુરુષાર્થી ભવ**

સંગમયુગ સંતુષ્ટતા નો યુગ છે, જો સંગમ પર સંતુષ્ટ નહીં રહેશો તો ક્યારે રહેશો તેથી ન સ્વયં માં કોઈ પણ પ્રકારની ખિટ-ખિટ થાય, ન બીજાની સાથે સંપર્કમાં આવવામાં ખિટ-ખિટ થાય. માળા બને જ ત્યારે છે જ્યારે દાણો, દાણા નાં સંપર્કમાં આવે છે એટલે સંબંધ-સંપર્ક માં સદા સંતુષ્ટ રહેજો અને સંતુષ્ટ કરજો, ત્યારે માળા નાં મણકા બનશો. પરિવાર નો અર્થ જ છે સદા સંતુષ્ટ રહેવા અને સંતુષ્ટ કરવા વાળા.

**સ્લોગન :-** જૂનાં સ્વભાવ-સંસ્કાર નાં વંશ નો પણ ત્યાગ કરવા વાળા જ સર્વંશ ત્યાગી છે.